# D.El.Ed. પ્રવેશ પ્રક્રિયા 2026-27

## <u>જાહેર સૂચના (સંસ્થાઓ માટે)</u>

તા.14/09/2026

અત્રેની કચેરીની ડી.એલ.એડ પ્રવેશ પ્રક્રિયા 2026-27 માટે બંને તબક્કાની જાહેરાત અન્વયે ડી.એલ.એડ પ્રથમ વર્ષ પ્રવેશ પ્રક્રિયામાં જોડાવા અરજી કરનાર સંસ્થાઓએ નીચેની સૂચનાઓ ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

- D.El.Ed પ્રથમ વર્ષ પ્રવેશ પ્રક્રિયા વર્ષ 2026-27 માં ભાગ લેવા દરખાસ્ત કરનાર પૈકી જે સંસ્થાઓ પ્રવેશ યાદીમાં સમાવવા પાત્ર છે તેમણે પોતાની સંસ્થાની માન્યતા, હુકમ નંબર, તારીખ, પ્રકાર, માધ્યમ, ઈનટેક વિગેરે વિગતો ચકાસી લઈ ઓનલાઈન પોર્ટલ પર માહિતી અપડેટ કરવાની રહેશે.

- D.El.Ed પ્રથમ વર્ષ પ્રવેશ પ્રક્રિયા વર્ષ 2026-27 માં દરખાસ્ત કરવાથી કે પ્રવેશ પાત્ર યાદીમાં નામ સમાવવા માત્રથી સંસ્થા માન્ય છે તેમ જાહેર થતું નથી સંબંધિત સંસ્થાએ પોતાની કોલેજનાં D.El.Ed અભ્યાસક્રમની માન્યતાની અધ્યતન સ્થિતિ અંગે વાકેફ હોય છે. તેથી આ પ્રક્રિયા દરમિયાન સંસ્થા અમાન્ય થઈ હોય તેવી સંસ્થાઓને પોતાની વિગતો અપડેટ કરવાની રહેશે નહીં.

- D.El.Ed પ્રથમ વર્ષ પ્રવેશ પ્રક્રિયા વર્ષ 2026-27 ની પ્રવેશપાત્ર યાદીમાં નામ સમાવવાથી કોઈ સંસ્થાએ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા ફરજિયાત નથી. જો સંસ્થાની માન્યતાની અધ્યતન સ્થિતિ અંગે વિસંગતતા હોય અથવા સંસ્થા પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માંગતી નહીં હોય તો પોતાની વિગતો અપડેટ કરવાની રહેશે નહીં.

- ઓનલાઈન પોર્ટલ પર પોતાની સંસ્થાની વિગતો અપડેટ કરનાર સંસ્થાઓ પોતાની સંસ્થાનાં D.El.Ed અભ્યાસક્રમની માન્યતા અંગે જવાબદાર રહેશે. સંસ્થાએ સોગંધનામાથી રજૂ કરેલ માહિતીમાં કોઈ વિસંગતતા જણાશે અથવા માન્યતા અંગે કોઈ વિવાદ ઊભો થશે તો સંબંધિત સંસ્થા સામે ફોજદારી કાર્યવાહી તથા પોલીસ ફરિયાદ કરવામાં આવશે.

- સંબંધિત સંસ્થાએ પોતાની માહિતી તા.16/09/2026 ની રોજ સાંજે 6.00 કલાક સુધીમાં અપડેટ કરવાની રહેશે. ત્યારબાદ કોઈ માહિતી અપડેટ થઈ શકશે નહીં કે તે અંગે કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહી.

- D.El.Ed પ્રથમ વર્ષ પ્રવેશ પ્રક્રિયા વર્ષ 2026-27 માટે દરખાસ્ત કરનાર સંસ્થાઓ પૈકી જેમનો પ્રવેશ પાત્ર યાદીમાં સમાવેશ કરવામાં આવેલ નથી તેમને તે અંગેના કારણ સાથે અલગથી પત્ર દ્વારા જાણ કરવામાં આવેલ છે. તેવી સંસ્થાએ પત્રમાં જણાવ્યા મુજબ આગળની પ્રક્રિયા કરવાની રહેશે.

- વિવિધ કોર્ટ કેસના કારણે ગત વર્ષે જે સંસ્થાઓમાં પ્રવેશ ફાળવવામાં આવેલ હતો અને તેવી સંસ્થાઓ પૈકી જે સંસ્થા આ વર્ષે પ્રવેશ યાદીમાં સામેલ નથી તેમણે એક માસમાં પોતાની સંસ્થાની માન્યતા અંગે NCTE સાથે પરામર્શ પ્રક્રિયા પૂર્ણ કરી અત્રે જાણ કરવાની રહેશે. જો આવી સંસ્થાની માન્યતા અંગે કોઈ જાણ નહીં થાય તો ત્યાર બાદ આવી સંસ્થાના વિધાર્થીઓને અન્યત્ર પ્રવેશ ફાળવવામાં આવશે.

- જે સંસ્થાઓનો કોઈ કારણસર પ્રવેશ યાદી વર્ષ 2026-27 માં સમાવેશ કરવામાં આવેલ નથી તેવી સંસ્થાઓના કેસમાં પ્રવેશ પ્રક્રિયા ચાલુ હોય ત્યાં સુધી NCTE તરફથી અસ્વીકારના કારણની પુર્તતા થાય અને સંસ્થા ફરીથી દરખાસ્ત કરે તો પ્રવેશ પાત્ર યાદીમાં સમાવેશ કરવા વિચારણા કરવામાં આવશે.

<u>આ અંગે કોઈ રજૂઆત હોય તો તા.16/09/2026 સાંજના 6.00 કલાક સુધીમાં નીચેની વિગતે સંપર્ક કરવાનો રહેશે.</u>

ડૉ. એ. જે. પીપળીયા,
શ્રેયાન અધિક્ષક
જ- પીટીસી શાખા, સદર કચેરી,
ટે.ફોન નંબર 079-23240173 ઈ.મેઈલ: ptc.guj@gujarat.gov.in

---